




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૫૨ | ૧૦ ઓગસ્ટ, ૨૦૧૮, શુક્રવાર; અષાઢ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## પ્રભાતના પગરવ...

## સતત મહેકતી વૃક્ષસેવા

આજે વૃક્ષસેવાની સુગંધ પ્રસરાવવી છે. ગાંધીનગરમાં કે ગુજરાતમાં વૃક્ષસેવા કરનારા અનેક ભેખધારીઓને હૃદયપુર્વક પ્રણામ કરીને મક્કમ મનોબળવાળા વૃક્ષપ્રેમી મુરબ્બી કિરીટભાઈ પટેલની વાત માંડવી છે. વૃક્ષપ્રેમીઓમાં આદરપુર્વક જેમની ગણના થઈ શકે એવા કિરીટભાઈ પટેલ ૮૩ વર્ષની ઉંમરે આજે પણ વૃક્ષસેવા માટે એટલા જ પ્રતિબદ્ધ છે. એમના જ શબ્દોમાં કહીએ તો જન્મથી મૃત્યુ સુધી હવા, છાંયો-ફળ-ફુલ આપે. માનવજાતને ઔષધીઓ આપે છતાં માણસ વૃક્ષને કાપે એ દર્દજનક છે. પણ આવનારા દિવસો માનવ જાત માટે પડકારજનક બનવાના છે, ત્યારે ખુબ જ વૃક્ષો વાવવાની આવશ્યકતા છે. કિરીટભાઈ છેલ્લા પચાસ વર્ષોથી અવિરત વૃક્ષ સેવા કરે છે. નોકરીના પ્રથમ દિવસથી લઈ આજ પર્યંત લાખોની સંખ્યામાં વૃક્ષો વાવ્યા અને વવરાવ્યા છે. વિજાપુર, ઈડર, હિંમતનગર, સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારો અને હાલ ગાંધીનગરમાં વૃક્ષો વાવવાની અને વૃક્ષોની માવજત કરવાની પ્રવૃત્તિમાં ઓતપ્રોત રહેવું એજ એમનો જીવનમંત્ર છે.

વડ, પીંપળો, મોસંબી, કદમ, ગરમાળો, રાયણ, લીમડો, ગલકાના વેલા, દૂધીના વેલા મોટી સંખ્યામાં દરેક કર્મભૂમિ ઉપર તેમણે વાવ્યા છે અને વવરાવ્યા છે. મુખ્ય ઈજનેર તરીકે ૨૫ વર્ષ પુર્વે નિવૃત્ત થયેલ કિરીટભાઈએ નોકરીના તમામ સ્થળો તથા તેમના સત્તાકાળના કાર્યક્ષેત્રમાં કર્મચારીઓ-અધિકારીઓ પાસે ભાવનાપૂર્વક વૃક્ષ માટે વિશિષ્ટ રીતે કામ કરાવ્યું છે. નિવૃત્તિ બાદ વર્ષો સુધી સેક્ટર-૨ થી ધોળેશ્વર જવાના માર્ગ ઉપર પણ વાવેલા વૃક્ષોનો છાંયો આજે પણ યાત્રીકોને શીતળતા આપે છે. નર્સરીમાં નીયમીત મુલાકાત લઈ રોપાઓ કેવી રીતે ઉછેરવાથી માંડીને વૃક્ષોની જાળવણીમાં શું શું ધ્યાન રાખવું જોઈએ તેનો વિશિષ્ટ અભ્યાસ પણ ખુબજ ઉપયોગી નીવડ્યો છે. એટલું જ નહીં પણ નર્સરીના મજૂરો સાથે પણ સ્નેહભર્યા સંબંધો રાખીને વૃક્ષ સેવા માટેની પ્રતિબદ્ધતા એમને પણ પ્રેરીત કરે છે. શહેરની વનશ્રી સંસ્થા અને અંજનાબેન નિમાવતને પણ પ્રેરણા અને પ્રોત્સાહન આપે છે.

વૃક્ષ માટે જ જીવન જીવવા સંકલ્પબદ્ધ મુરબ્બી કિરીટભાઈ વય મર્યાદાને કારણે પ્રત્યક્ષ વૃક્ષ સેવા નથી કરી શકે એમ પણ વૃક્ષ સેવા માટે કામ કરવા ઈચ્છતા વૃક્ષપ્રેમીઓને સહાય કરવા તેમની તત્પરતા આજે પણ હિમાલય જેટલી અડગ છે. વૃક્ષ સેવા માટે કોઈપણ વૃક્ષપ્રેમીને ક્યારેય પણ સહયોગ જરૂરી હોય ત્યારે તેમનો સંપર્ક કરવા નિમંત્રે છે. ફોન. (૯૮૨૫૯૨૦૪૮૨) આજીવન વૃક્ષસેવા કરનાર કિરીટભાઈ પટેલ વૃક્ષોની મૂકસેવાની જેમ જ મૂકસેવા કરે છે. જીવન ધર્મ સમજીને પાંચ દાયકા સુધી અવિરત મુક વૃક્ષસેવક કિરીટભાઈ પટેલની સેવા સુગંધને મહેકાવવાનું ગૌરવ વ્યક્ત કરીએ છીએ.

# કેરળમાં 'મેઘતાંડવ'

**સેના પાસે મદદ માંગવામાં આવી : પેરિયાર નદીનું જળસ્તર વધી જવાના કારણે વધુ પાણી છોડવા માટે ઈદમલયાર ડેમના ચાર દરવાજા ખોલી દેવામાં આવ્યા**



તિરુવનંતપુરમ્,તા.૯
કેરળના અલગ-અલગ વિસ્તારમાં ગુરૂવારે ભારે વરસાદ અને ભુસ્ખલનની ઘટનાઓમાં લગભગ ૨૦ લોકોના મોત નિપજ્યા છે. આપદા નિયંત્રણ કક્ષના સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈડુક્કીમાં ભૂસ્ખલનમાં ૧૦, મલપ્પુરમમાં પાંચ, કન્નૂરમાં બે અને વાયનાડ જીલ્લામાં ૧નું મોત નિપજ્યું છે. વાયનાડ, પલક્કડ અને કોઝિકોડ જીલ્લામાં એક-એક વ્યક્તિ લાપતા છે.

ઈડુક્કીના અડીમાલી શહેરમાં એક જ પરિવારના પાંચ

● અનુસંધાન પાન-૭ પર

# ત્રિપલ તલાક બિલમાં સુધારાને મંજુરી

**બિલમાં સુધારા બાદ મેજિસ્ટ્રેટ દ્વારા જામીન આપી શકાશે : ત્રિપલ તલાકના સંદર્ભમાં હજુ પણ બધી કઠોર જોગવાઈઓ અકબંધ : આને બિનજામીનપાત્ર અપરાધ તરીકે રહેશે : રાજ્યસભામાં હાલમાં બિલ અટક્યું**

નવીદિલ્હી,તા. ૯
ત્રિપલ તલાક પર લાંબા સમયથી ચાલી રહેલી ચર્ચા બાદ કેન્દ્રીય કેબિનેટે આખરે ત્રિપલ તલાક બિલમાં સુધારાને લીલીઝંડી આપી દીધી છે. અલબત્ત તે બિનજામીનપાત્ર અપરાધ તરીકે જ રહેશે પરંતુ મેજિસ્ટ્રેટ દ્વારા તેમાં જામીન આપી શકાશે. કેન્દ્રની ભાજપ સરકાર ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા આને મોટી સફળતા તરીકે રજૂ કરવા માટે ઈચ્છુક છે. આજ કારણસર કેટલાક ફેરફાર પણ કરવામાં આવી રહ્યા છે. ઈન્સ્ટન્ટ ત્રિપલ તલાક બિલ હજુ પાસ કરવામાં આવ્યો નથી ત્યારે તેમાં સુધારાને કેન્દ્રીય કેબિનેટે લીલીઝંડી આપી દીધી છે. આ ગુના માટે મેજિસ્ટ્રેટ દ્વારા હવે

● અનુસંધાન પાન-૭ પર

## છંછેડાયેલા ઈરાનની અમેરિકા પર સાયબર હુમલા કરવાની સંભાવના


વૉશિંગ્ટન,તા.૯
સાયબર સુરક્ષા અને ઈન્ટેલિજન્સ નિષ્ણાતોનું માનવું છે કે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આ અઠવાડિયે ફરી ઝીંકવામાં આવેલા પ્રતિબંધના વિરોધમાં ઈરાન હવે સાયબર હુમલા કરી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ૨૦૧૫ના પરમાણુ કરારમાંથી પીછેહઠ કરવામાં આવ્યા બાદ મે મહિનાથી જ ઈરાન દ્વારા સાયબર હુમલા કરવાને લઈ ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સાયબર સુરક્ષા અને ઈન્ટેલિજન્સ નિષ્ણાતોનું કહેવું છે કે હવે જ્યારે અમેરિકાએ તહેરાન વિરુદ્ધ આર્થિક પ્રતિબંધો ફરીથી લાગુ કરી દીધા છે ત્યારે ઈરાન દ્વારા સાયબર હુમલાનો ખતરો હવે અનેકગણો વધી ગયો છે. ઈરાને જોકે પોતાની સાયબર ક્ષમતાઓનો ઉપયોગ આક્રમક મકસદ માટે કરવાનો ઈનકાર કર્યો છે. ઊલટાનો ઈરાને એવો આક્ષેપ કર્યો છે કે અમેરિકા અમને નિશાન બનાવશે,

● અનુસંધાન પાન-૭ પર

## સૌર મંડળ બહાર નવા ૪૪ ગ્રહોની શોધ

**૧૬ પૃથ્વી જેવા અને એકનો આકાર શુક્ર જેવો**



વૉશિંગ્ટન,તા.૯
વૈજ્ઞાનિકોએ સૌર મંડળની બહાર ૪૪ ગ્રહોની શોધ કરી નાખી છે. ખાસ વાત તો એ છે કે આ ગ્રહોની ખોજ એક સાથે થઈ છે. આ ગ્રહોથી સૌર મંડળની સંરચના અને વિકાસને વિશે અધિક જાણકારીઓ હાંસલ કરી શકાશે. જાપાનની ટોક્યો યુનિવર્સિટીનાં શોધકર્તાઓએ નાસાનાં કેપલર અને યૂરોપીય સ્પેસ એજન્સીનાં ગાયા સ્પેસ ટેલીસ્કોપની મદદથી આ ગ્રહોની શોધ કરી છે.

● અનુસંધાન પાન-૭ પર






## ન્યુઝ ટ્રેક

### જોધપુર એરપોર્ટ પર યુદ્ધ વિમાનનું ટાયર ફાટ્યું

જોધપુર સિવિલ એરપોર્ટ પર એક યુદ્ધ વિમાનનું ટાયર ફાટવાના કારણે એરપોર્ટને બંધ કરી દેવાયુ હતુ. જોકે આ દુર્ઘટનામાં અન્ય કોઈ નુકશાનની જાણકારી મળી નથી.

### રેખા શર્મા મહિલા આયોગના અધ્યક્ષ

રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્ય રેખા શર્માને રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષપદે નિયુક્ત કરવામાં આવ્યા છે. ગયા વર્ષે લલિતા કુમારમંગલમે પદ છોડ્યા બાદ તેઓ અધ્યક્ષના ચાર્જમાં હતા.

### ટ્રાઈ પ્રમુખને બે વર્ષનું એક્સટેન્શન

ટેલીફોન રેલ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડિયાના પ્રમુખ રામ સેવક શર્માને બે વર્ષનુ એક્સટેન્શન આપવામાં આવ્યું છે. તેઓ ૧૦ ઓક્ટોબરના રોજ નિવૃત્ત થનાર હતા.

### દિલ્હીમાંથી હથિયારોનો જથ્થો ઝડપાયો

દિલ્હી પોલીસના સ્પેશ્યલ સેલે ૧૫ ઓગષ્ટ પહેલા હથિયારોનો મોટો જથ્થો પકડ્યો છે. ૫૦ પિસ્તોલ, બે કાર્બાઈન, મેગેઝીન અને કારતૂસ સાથે બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે.

### દાઉદની સંપત્તિની હરાજી

અંડરવર્લ્ડ માફિયા અને મુંબઈ સીરીયલ બ્લાસ્ટના માસ્ટરમાઈન્ડ દાઉદ ઈબ્રાહિમની મુંબઈની સંપત્તિ ૩.૫૧ કરોડમાં હરાજી થઈ છે. સૈફી બુરહાની ટ્રસ્ટે દાઉદની સંપત્તિ ખરીદી છે.

### નીલગિરીમાં ૨૭ હોટલો સીલ

તમિલનાડુના નીલગિરીમાં હાથીઓના કોરીડોર મામલે સુપ્રિમ કોર્ટે તમિલનાડુ સરકારને ૪૮ કલાકની અંદર ૨૭ હોટલ તથા રિસોર્ટને સીલ કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટે હાથીઓના કોરીડોર મામલે રાજ્યો દ્વારા થતી લાપરવાહી સંદર્ભે નારાજગી વ્યક્ત કરી છે.

# રાજ્યસભાના નાયબ અધ્યક્ષપદે હરિવંશ નારાયણ વિજયી

**એનડીએ ઉમેદવાર હરિવંશ નારાયણસિંહને ૧૨૫ અને હરિપ્રસાદને ૧૦૫ મત : બીજેડીનો અંતે એનડીએને ટેકો**



નવીદિલ્હી, તા. ૯
ભાજપના નેતૃત્વમાં એનડીએના ઉમેદવાર હરિવંશ નારાયણસિંહ આજે રાજ્યસભાના નાયબ અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. ૧૨૫ મતે તેઓ ચૂંટાઈ આવ્યા હતા જ્યારે યુપીએના ઉમેદવાર અને કોંગ્રેસના સાંસદ ડીકે હરિપ્રસાદને ૧૦૫ મત મળ્યા હતા. પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, તેઓ આ મામલાને લઈને હરિવંશ નારાયણસિંહને અભિનંદન પાઠવે છે. લખાણમાં તેમની કુશળતા રહેલી છે. તેઓ પૂર્વ વડાપ્રધાન ચંદ્રશેખરના પણ ફેવરિટ રહ્યા હતા. હરિવંશ બિહારમાંથી જેડીયુના સંસદ સભ્ય તરીકે છે. સાથે સાથે પૂર્વ પત્રકાર પણ છે. હરિપ્રસાદ કર્ણાટકમાંથી કોંગ્રેસના સાંસદ તરીકે હતા. રાજ્યસભાના નાયબ અધ્યક્ષની જગ્યાએ પહેલી જુલાઈના દિવસે ખાલી પડી હતી. કારણ કે, કોંગ્રેસના પીજે કુરિયન નિવૃત્ત થઈ ગયા હતા. ગયા મહિને લોકસભામાં સરકાર સામે નિષ્ફળ રહેલી અવિશ્વાસ દરખાસ્ત બાદ રાજ્યસભામાં નાયબ અધ્યક્ષ પદ માટેની સ્પર્ધા વિપક્ષી એકતા માટે મોટી પરીક્ષા તરીકે ગણાઈ રહી હતી. જેડીયુના ઉમેદવારને ચૂંટી કાઢવા માટે ભાજપે તમામ સાથી પક્ષોનો સંપર્ક કર્યો હતો. સાથી પક્ષોની અવગણનાના આક્ષેપો હાલમાં થતાં રહ્યા છે. રાજ્યસભામાં બહુમતિ નહીં હોવાના પરિણામ સ્વરુપે ભાજપ

● અનુસંધાન પાન-૭ પર

## વરસાદની ખોટી આગાહી માટે મહારાષ્ટ્રના ખેડૂતની હવામાન વિભાગ સામે ફરિયાદ

પરભણી,તા.૯
મહારાષ્ટ્રના મરાઠાવાડ ક્ષેત્રના એક ગામના ખેડૂતોએ ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં ખેડૂતોએ આરોપ લગાવ્યો છે કે બીજ અને કીટનાશક નિર્માતા કંપનીઓની મિલીભગતને કારણે વરસાદ અંગે ખોટું અનુમાન જણાવ્યું.

પરભણી ગ્રામીણ પોલીસ સ્ટેશનમાં મંગળવારે નોંધાયેલ ફરિયાદમાં જણાવવામાં આવ્યું કે પુણે અને મુંબઈમાં વિભાગના અધિકારીઓ તે કંપનીઓ સાથે મળેલા છે. ખેડૂતોએ હવામાન વિભાગના અનુમાન પ્રમાણે ખેતરમાં વાવણી કરી પરંતુ વરસાદ ન આવતાં તેમના લાખો રૂપિયાઓનું ધોવાણ થયું છે. સ્વાભિમાની શેતકારી સંગઠનના મરાઠાવાડા ક્ષેત્રનાં અધ્યક્ષ માનિક કદમે ફરિયાદ નોંધાવી છે.

કદમે કહ્યું છે કે ભાદંસંની કલમ ૪૨૦ અંતર્ગત આઈએમડીના ડાયરેક્ટર સામે કેસ નોંધાવ્યો છે. ગયા વર્ષે પણ બીડ જિલ્લાના એક

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર શહેર-જીલ્લા રાજપૂત સમાજ જોગ

આથી ગાંધીનગર શહેર તેમજ ગાંધીનગર જિલ્લામાં વસતા રાજપૂત પરિવારોને જણાવવાનું કે, તેજસ્વી તારલાઓ તથા વિશિષ્ઠ સિદ્ધિ મેળવનાર દિકરા-દિકરીઓને ઈનામ વિતરણનો કાર્યક્રમ તારીખ : ૯/૯/૨૦૧૮ને રવિવારના રોજ શ્રી રાજપૂત સમાજ ભવન ખાતે બપોરે ૨.૦૦ થી સાંજે ૫.૦૦ કલાકે રાખેલ છે. જેની માર્કશીટની ઝેરોક્ષ સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૧/૮/૨૦૧૮ રાખેલ છે. તો માર્કશીટમાં મોબાઈલ નંબર તથા સરનામું સ્વચ્છ અક્ષરમાં લખી રાજપૂત ભવન, સેક્ટર-૧૨ ખાતે સમયસર પહોંચાડવા જણાવવામાં આવે છે.

| | |
|---|---|
| **ડો. શંકરસિંહજી આર. રાણા**<br>પ્રમુખ<br>શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર | **શ્રી રાજનસિંહજી પી. ચાવડા**<br>પ્રમુખ<br>ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ |
| **શ્રી દિલીપસિંહજી બિહોલા**<br>કાર્યકારી મહામંત્રી<br>શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર | **શ્રી પ્રદિપસિંહજી પી. વાઘેલા**<br>મહામંત્રી<br>ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ |











